સી.આઈ. સેલે નડીયાદ દરોડો પાડી સટ્ટાનું મોટુ રેકેટ પકડ્યુ

૭૧ મોબાઈલ, ૩ લેપટોપ, ૩ સેટટોપ બોક્ષ, ૨ એલસીડી તથા બે ગાડીમાંથી ગાડી મળી રૂ. ૧૬,૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત : મુખ્ય સટ્ટોડીયો વોન્ટેડ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સી.આઈ. સેલ (ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન સેલ)ને બાતમી મળી હતી કે નડીયાદના પાંચ હાટડી વિસ્તારમાં ક્રિકેટ મેચ પર સટ્ટાનું મોટુ રેકેટ ચાલે છે તેને આધારે ગઈ મોડી સાંજે દરોડો પાડ્યો હતો. મોબાઈલ, લેપટોપ, ટીવી મળીને રૂ. ૧૬.૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. મુખ્ય સુત્રધાર વિનુ કાઠી હજુ વોન્ટેડ છે.

સી.આઈ. સેલના ડીવાયએસપી કોમલબેન વ્યાસ તથા તેમની ટીમે બાતમીને આધારે નડીયાદના પાંચ હાટડી વિસ્તારમાં દરોડો પાડ્યો હતો જ્યાં વિનુ કાઠીનો ચાલતો મોટો સટ્ટો પકડાઈ જવા પામ્યો હતો. ૭૧ મોબાઈલ, ૨ એલ.સી.ડી. ટીવી, ૩ લેપટોપ, ૩ સેટટોપ બોક્ષ, બે ગાડીઓ તથા સીમકાર્ડ મળીને સીઆઈસેલે રૂ. ૧૬,૨૪,૮૫૭ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ સટ્ટાનો મુખ્ય સુત્રધાર સટ્ટોડીયો ભાવનગરવાળો વિનુ કાઠી ઉર્ફે વિનુ લોટરી મુલચંદાણી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો દાખલ કરી સઘન તપાસ આરંભી છે.

પ્રાગદાસ બાપાની પુણ્યતિથિ નિમિત્તે રકતદાન કેમ્પ-મેડીકલ કેમ્પ યોજાશે

પ.પૂ. પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ જુનાગઢના લાભાર્થે પાટણ જિલ્લાના જુના માકા ગામ ખાતે તા. ૭ એપ્રિલથી તા. ૧૫ એપ્રિલ દરમિયાન શિવ મહાપુરાણ કથા, રામનવમી, હનુમાન જયંતિ યોજાશે આ પ્રસંગે પ.પૂ. પ્રાગદાસ બાપાની ૧૬મી પૂણ્યતિથિ નિમિત્તે સુંદરકાંડ, સંતવાણી અને બ્લડ ડોનેશન કેમ્પ અને ફ્રી મેડીકલ ચેક અપ કેમ્પ યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં ભાવિ ભકતોને મોટી સંખ્યામાં લાભ લેવા જણાવાયું છે.

સોમવારે જાગ્રત નાગરિક પરિષદની બેઠક

ગાંધીનગર શહેર જાગ્રત નાગરિક પરિષદની માસિક બેઠક પ્રમુખ લવજીભાઈ વાડિયાના અધ્યક્ષ સ્થાને તા. ૭ એપ્રિલ, સોમવાર, સાંજે ૪.૩૦ કલાકે સેકટર-૨૧માં આવેલ નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે. સમિતિના સભ્યોએ ઉપસ્થિત રહેવા મંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું છે.

જલારામ મંદિર ખાતે રામનવમી ઉજવણી રકતદાન શિબિર

ગાંધીનગર, તા. ૫

તા. ૮ એપ્રિલ ચૈત્ર સુદ નોમના રોજ ભગવાનશ્રી રામચંદ્રજીની જયંતિના અવસરે શ્રી જલારામ ધામ સેકટર-૨૯ ખાતે સવારે ૮.૩૦ કલાકે ભગવાન રામચંદ્રજીત તથા પૂ. જલારામબાપાની પૂજન વિધિ શરૂ થશે. રઘુવંશી ધ્વજવંદન સવારે સાડા દશે થશે. સવારે ૧૦.૪૫ થી ૧૨.૦૦ વાગ્યા સુધી હરિનામ સંકીર્તન તથા બપોરે બાર કલાકે શ્રીરામ જન્મોત્સવ તથા મહા આરતી થશે. તો ભકતોએ લાભ લેવા જણાવેલ છે. સંસ્થા દ્વારા સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના લાભાર્થે સવારે રકતદાન શિબિરનુંઆયોજન કરવામાં આવેલ છે. મંત્રી કિશોર હિન્ડોચાએ જણાવેલ છે.

સેકટર-૨૧/૩૦નું આ બસસ્ટેન્ડ છે કે નહી તે નક્કી કરવું મુશ્કેલ છે. બસ આવે છે, પેસેન્જરો બેસે પણ છે. પરંતુ બસની રાહ જોતા મુસાફરો છતવિનાનું બસસ્ટેન્ડે હેરાન થાય છે. (તસવીર : કશ્યપ નિમાવત)

માતા-પિતાના ઝઘડામાં વચ્ચે પડેલી દિકરીને પિતાએ ધોકો મારી દીધો

૧૫ વર્ષથી શારીરિક-માનસિક ત્રાસ આપવા બદલ પરિણીતાની પતિ, દિયર અને સાસુ સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરને અડીને આવેલા બોરીજ ગામમાં રહેતી પરિણીતાએ તેના પતિ, સાસુ અને દિયર સામે છેલ્લા ૧૫ વર્ષથી શારિરીક-માનસિક ત્રાસ આપતા હોવા અંગેની ફરિયાદ સે-૧ પોલીસ મથકે નોંધાવી છે. ગઈ કાલે પતિ-પત્ની ઝગડી રહ્યા હતા અને તેમની દિકરી વચ્ચે પડી તો તેણીના પિતાએ લાકડાનો ધોકો મારી દીધો હતો. સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

બોરીજ ગામમાં રહેતી પરિણીતા કોકીલાબેન અશોકભાઈ દંતાણીએ આપેલી ફરીયાદ પ્રમાણે તેણીના પતિ અશોક સોમજી પટણી, સાસુ લીલા સોમજી અને દિયર મંગળ સોમજી ત્રણેય મળીને છેલ્લા ૧૫ વર્ષથી શારરીક અને માનસિક ત્રાસ ગુજારી રહ્યા છે. ગઈ કાલેતેણીનો પતિ ગડદા પાટુનો માર મારી રહ્યો હતો ત્યારે તેમની દિકરી કિરણ છોડાવવા ગઈ તો તેને પણ લાકડાનો ધોકો અશોકે ફટકારી દીધો હતો. આ બનાવ અંગે પરિણીતા કોકીલાબેનની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરીનેપીએસઆઈ અસારીએવધુતપાસ હાથ ધરી છે.

સતસંગ સંકીર્તનનો આજે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૫

પ.પૂ. રમેશભાઈ ઓઝા પ્રેરીત સત્સંગ સંકીર્તિનનો કાર્યક્રમ રવિવારે સાંજે ૫.૦૦ થી ૬.૩૦ કલાક સુધી સેકટર-૨૮ અભિશ એપાર્ટમેન્ટ પ્લોટ નં. ૨૮૭/૯ આરાધના સ્કુલ પાસે, કુસુમબેન સંભવાણીના નિવાસ સ્થાને યોજેલ છે. તો લાભ લેવા માટે મહેન્દ્રભાઈ રાઠોડે જણાવેલ છે.

સેકટર-૬ અને સેકટર-૨૨માં ઘણા સમયથી પડી રહેલા આ થાંભળા વીજકંપનીનાં છે કે દૂરસંચાર વિભાગનાં તે તો રામ જાણે... પણ આ મિલકત હાલ તો માલીકની શોધમાં છે. (તસવીર : કશ્યપ નિમાવત)

માણસમાં ચામડીના રોગનો નિદાન સારવાર કેમ્પ

ગાંધીનગર, તા. ૫

માણસા નગર તેમજ આજુબાજુના ગામોના લાભાર્થ વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરીત વાનપ્રસ્થાશ્રમમાં પા પાલઈ વિઘ્નેશ્વરી ધામ માણસા ખાતે દર મહિનાના પહેલા રવિવારે ચામડીના રોગનુંનિદાન અને સારવાર કેમ્પ વિના મૂલ્યે યોજાય છે. એપ્રિલ માસના પ્રથમ રવિવાર તા. ૬ એપ્રિલના રોજ બપોરે ૨.૦૦ કલાકથી ૫૫મો કેમ્પ યોજાશે. જરૂરીયાતવાળા વ્યક્તિઓએ અગાઉ કેમ્પમાં સારવાર લીધી હોય તેવા દર્દીઓને સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે લાભ લેવા જણાવેલ છે. નિદાન કેમ્પમાં ગાંધીનગરના ડૉ. ગૌરવ બી. પટેલ સેવાઓ આપશે.

૧૯ વર્ષના યુવાને ઝેરી દવા ગટગટાવી જીવન ટુંકાવી લીધું

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીકના ઝુંડાલ ગામમાં રહેતા ખેત મજુરના ૧૯ વર્ષીય દિકરાએ કોઈ અગમ્ય કારણોસર પાકમાં છાંટવાની ઝેરી દવા ગટગટાવી લઈ જીવન ટુંકાવી લીધું છે. ત્રણ દિવસથી યુવાનની શોધખોળ ચાલી રહી હતી ત્યારે આજે ઝુંડાલની સીમમાં આવેલા એક ખેતરમાં ઉગેલો પાક વાઢવા માટે મજુરો ગયા ત્યારે મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે અકસ્માત મોતો ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

દાહોદનો મુળ વતની અને હાલ ગાંધીનગરના ઝુંડાલ વિસ્તારમાં ભીખાભાઈ પટેલના ખેતરમાં રહેતા તેરસંગભાઈ ભૂરીયા વર્ષોથી ભીખાભાઈને ત્યાં ખેત મજુરી કરે છે. તેમના ૧૯ વર્ષના દિકરા મહેશ ઉર્ફે કાળીયા માટે તાજેતરમાં છોકરી જોઈ હતી પરંતુ તેને પસંદ ન હતી જયારે વાલી તેણીની સાથે લગ્ન કરાવવા ઈચ્છતા હતાં. રજી એપ્રિલના રોજ ઘરેથી ચંપલ પહેર્યા વિના જ ચાલ્યા ગયેલા મહેશની શોધકોળ બાદ ગઈ કાલે જાણવાજોગ પણ નોંધાવવામાં આવી હતી તેના કોઈ જ સગડ મળતા ન હતાં.

દરમિયાન આજે સવારે ઝુંડાલના એક ખેતરમાં ઘઉં વાઢવા માટે મજુરો ગયા તો ત્યાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો અને બાજુમાંથી પાકમાં છાંટવાની દવાની ખાલી બોટલ પણ મળી આવી હતી. ઝેરી દવા ગટગટાવી તેણેજીવન ટુંકાવી દીધું હતું. અડાલજ પોલીસ મથકમાં પીએસઆઈ કે.બી. રાણાવતે ગુનો નોંધી આ બનાવની ઊંડી તપાસ આરંભી છે.

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામ નજીક ચિલોડા-દહેગામ રોડ પાસે આવેલ કેનાલ અને ગરનાળા પાસે નવીન રોડ બનાવ્યો હતો ત્યારે અમદાવાદથી જમ્મુ-કાશ્મીર જતી ભરેલી એક ટ્રક-લાંબુ કન્ટેનરનો ચાલક માર્ગ ભુલતાં ટ્રક ચિલોડાથી દહેગામ રોડ તરફ વાળતાં ટ્રક રીવર્સ કરતાં ટ્રક રોડ સાઈડ ઉતરી જતાં ટ્રક નમી જતં તેમજ પલટી ખાતાં રહી જતાં ગંભીર અકસ્માતથી મોટી દુર્ઘટના ટળી જતાં ટ્રકચાલકે રાહત અનુભવી હતી. આમ ભરેલી ટ્રક હજુ જૈસે-થૈ સ્થિતિમાં નજરે પડે છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

વણકર સમાજ પાટણની કારોબારી સમિતિ રચાઈ

ગાંધીનગર, તા.૫

ગુજરાત વણકર સમાજ પાટણ ખાતે સમાજની કારોબારી મળી હતી. જેમાં બંધારણીય અધિકારની રૂએ સંસ્થાના હોદ્દેદારો અને નવી કારોબારીની રચના કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ પદે ઝવેરભાઈ ચાવડા, ઉપપ્રમુખ પદે પ્રેમચંદભાઈ પરમાર, પી.આર. અઢીયોલ, હેમચદભાઈ વાઘેલા, ડૉ. કાન્તિલાલ પરમાર, ડૉ. ગૌતમભાઈ પરમાર, મહામંત્રી પદે ડી.પી. પરમાર, વિઠ્ઠલભાઈ પરમાર, મંત્રી પદે ધનજીભાઈ જાદવ, રમેશભાઈ પરમાર, બાબુભાઈ સોલંકી, કુબેરભાઈ વણકર, ભરતભાઈ મર્ચન્ટ, સંગઠન મંત્રી પદ ધીરજભાઈ પરસાણા, ગોવિંદભાઈ મકવાણા, ધીરુભાઈ જાદવ, સહમંત્રી પદે મનસુખભાઈ રાઠોડ, ગાગેશભાઈ પરમાર, અનિલકુમાર ડોડિયા, ખજાનચી પદે પાનાભાઈ સોલંકીઅને આંતરિક ઓડીટર પદે નવીનચંદ્ર પરમારની વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સર્વે કારોબારી સભ્યોને જ્ઞાતિજનોએ આવકાર્યા હતાં.

શહેરમાં નવીનીકરણના કારણે ઠેર-ઠેર વાયરોના મોટા-મોટા ગુંચળા રસ્તાની આજુ-બાજુ જોવા મળી રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાત)

ચિલોડા ખાતે શાકભાજી માર્ગદર્શન શિબિર યોજાઈ

ચિલોડા, તા.૫

સારું ઉત્પાદન અને વધુ પાક મેળવવા માટે બિયારણ ઉત્તમ હોવું જરુરી છે. ઉત્તમ બીજ ખેડૂતોને શ્રેષ્ઠ પાક અને વધુ દામ અપાવે છે ચિલોડાની આસપાસ શાકભાજી અને ધાન્ય પાકોનું ઉત્પાદન વધુ થતું હોઈ તાજેતરમાં એક કંપની દ્વારા ભીંડા જેવી શાકભાજી અને જુવાર જેવા ધાન્ય પાકોના બિયારણ અંગે જરુરી માર્ગદર્શન આપવા એક ખેડૂત માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં ચાલુ ચાલે સૌથી વધુ લીલા શાકભાજીનું સારા પ્રમાણમાં વાવેતર થયું છે. હાલમાં ચિલોડા, ડભોડા, શિહોલી મોટી તથા લવારપુર ગામમાં ભીંડાનું વાવેતર વધુ કરવામાં આવ્યું છે. પરિણામે વિવિધ જાતના ભીંડાના બિયારણનો પ્રયોગ ખેડૂતો દ્વારા હાથ ધરાતાં સૌથી વધુ ઉત્પાદન અને રોગથી મુકત એવા બિયારણ હોવું અનિવાર્ય બન્યુ છે. મોંઘુદાટ બિયારણ અને મોંઘી જંતુનાશક દવાનો છંટકાવ દ્વારા ખેડૂતો ખેતીમાં મબલક ખર્ચ કરતા હોય છે ત્યારે આધુનિક ઢબનું સર્ટીફાઈડ બિયારણનો આગ્રહ ખેડૂતો સેવતા હોય છે. શાકભાજી અંગે ચોકકસ સચોટ અને જરુરી માર્ગદર્શન અને માહિતી હોવી જરુરી છે. ચિલોડા ખાતે યોજાયેલી ખેડૂત માર્ગદર્શન શિબિરમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમનો લાભ લીધો હતો

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

બજારોમાં ઉનાળુ પાકની આવકનો ધમધમાટ શરૂ થઈ ચુકયો છે. ગાંધીનગર નજીક ચિલોડા માર્કેટ યાર્ડમાં ઉનાળુ પાક ઘઉંની આવક શરૂ થઈ ચુકી છે. માર્કેટ યાર્ડની બહાર વહેલી સવારથી જ ખેડૂતો ઘઉં ભરેલા ટ્રેકટરો ઉભા રાખી દે છે. વેચાણ કરવા આવતા ખેડૂતો અને ખરીદી માટે આવતા વેપારઓની અવરજવરથી માર્કેટ યાર્ડમાં ચહલપહલ જોવા મળી રહી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૦
સૂર્યાસ્ત : ૬.૫૫

તાપમાન

મહત્તમ : ૪૦.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૦.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૪૯ ટકા ● સાંજે ૧૬ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
મે તેરા હીરો : ૧૨.૩૦,૩.૨૦,૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
યંગીસ્તાન : ૧.૩૦, ૧૦.૦૦
ક્વીન : ૪.૦૦ ● રાઉડી (તેલુગી) : ૭.૦૦
: સ્ક્રીન-૪ :
મે તેરા હીરો : ૧૦.૦૦, ૧૨.૩૦
જલ : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
મે તેરા હીરો : ૧૨.૩૦
ક્વીન : ૪.૦૦ ● જલ : ૭.૦૦
યંગીસ્તાન : ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કેપ્ટન અમેરિકા : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૧૦, ૭.૧૦, ૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૯.૧૦
રાગીની એમએમએસ-૨ : ૧૨.૧૦
વીસ્કી ઈસ રીસ્કી : ૨.૫૦
યંગીસ્તાન : ૫.૦૦ ● જલ : ૭.૪૦
મે તેરા હીરો : ૧૦.૨૫
: સ્ક્રીન-૩ :
મે તેરા હીરો : ૯.૧૫, ૧૨.૧૦, ૨.૪૦, ૫.૨૫, ૮.૧૦, ૧૦.૫૫
: સ્ક્રીન-૪ :
મે તેરા હીરોઃ ૮.૧૦, ૧૦.૪૦, ૧.૨૫, ૪.૧૦, ૬.૫૫, ૯.૪૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ઢીશ્કીયાં : ૧૦.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ઓ- તેરી : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
યંગીસ્તાન : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫
રાગીની એમએમએસ-૨ : ૪.૧૫, ૧૦.૨૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મે તેરા હીરો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કેપ્ટન ઓફ અમેરિકા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
જલ : ૧૧.૦૦, ૭.૦૦
વીસ્કી ઈઝ રીસ્કી : ૨.૦૦, ૧૦.૦૦
રાગીની એમ.એમ.એસ. : ૪.૦૦

સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજ :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

વિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાયક સમય. રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસનું આયોજન થશે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

વૃષભ : વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોથી મહત્વપૂર્ણ લાભ પ્રાપ્તિનો યોગ. ધાર્મિક કાર્યનું આયોજન થશે.

મિથુન : સામાજિક સમ્માન તમારી ચિંતાઓને દૂર કરશે. અવસર હિતકર થશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે. આર્થિક કાર્યોમાં વિશેષ યાત્રા પ્રવાસ ગોઠવાશે.

કર્ક : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થશે. આર્થિક રોકાણ સમજ પૂર્વક કરવું.

સિંહ : સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે. આરોગ્ય તરફ બેદરકાર ન રહેવું.

કન્યા : મિત્રો અને કુટુંબની સભ્યોનો સાથ સહકારથી કાર્યમાં પ્રગતિ થઈ શકશે. કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

તુલા : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. તેને તેનું આયોજન થશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ બને છે.

વૃશ્ચિક : આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું.

ધન : વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. શારીરિક સુખ પ્રાપ્તિ થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાની શકયતાઓ છે.

મકર : શત્રુઓથી હાનિ થવાની સંભાવનાઓ છે. કુટુંબીજનો સાથે થયેલા મતભેદોનું નિરાકરણ આવશે. મિત્રોનો સાથસહકાર મળી રહેશે.

કુંભ : સામાજિકક્ષેત્રે માનસન્માન પ્રાપ્ત થશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. આર્થિકક્ષેત્રમાં સમસ્યાઓનો યોગ.

મીન : માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં દિવસ મધ્યમ રહેશે. મિત્રોનો સહકાર મળી રહેશે.

ચિરવિદાય

- સ્વ. શાંતિબેન ગોરધનભાઈ નાયી (ઉ.વ. ૮૫) બ્લોક નં. ૫૬/૨૪૫, શ્રીનગર, ગુ. હાઉ. બોર્ડ, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. ગંગાબેન શીવરામ પ્રજાપતિ (ઉ.વ. ૧૦૦) મુ. પો.રાંદેસણ, તા., જી. ગાંધીનગર